# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎.(૦૭૯) ૨૩૨૫૪૫૦૬ (ઓ), ૨૩૨ ૫૪૩૭૭ (અં), ૨૩૨૫૯૭૬૦ (ફેક્સ), ૧૦૫૪૩૭૭ (GSWAN)
E-mail : supt-tc-dat@gujarat.gov.in

''વિમા અને લેખા ભવન'' બ્લોક નં.-૧૭
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
સેક્ટર-૧૦-બી, ગાંધીનગર-૩૮૨૦૧૦


===========================================================

નબરઃ-હિતિનિ/ટીસી/ફા.૧૨૬/લેજરપથા/૨૨૮૭-૨૩૯૪ તા.૧૬-૦૩-૨૦૦૭

**વિષયઃ- આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ બેન્કો મારફતે કરવામાં આવતાં પેન્શનના ચૂકવણાં અંગેની નોંધ પી.પી.ઓ./ લેજરમાં કરવા બાબત.**

**<u>પરિપત્ર ક્રમાંકઃ- ૦૯/૨૦૦૭.</u>**

આથી શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનું ધ્યાન આ કચેરીના તા.૧૨-૦૬-૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંકઃ-૧૩/૨૦૦૩ તરફ દોરતાં જણાવવાનું કે, આ કચેરીના ઉકત પરિપત્રથી જિલ્લા તિજોરી કચેરી, તથા પેટા તિજોરી કચેરીઓ ધ્વારા ચુકવાયેલ પેન્શનનાં ચૂકવણાંની પધ્ધતિને વધું સુંદ્દઢ અને અસરકારક બનાવવા માટે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે.

આ કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, જિલ્લા તિજોરી કચેરીઓ/ પેટા તિજોરી કચેરીઓમાં ઉકત પરિપત્રની સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવામાં આવતો નથી, જે બાબત ઘણી જ ગંભીર છે.

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૬૦ ની જોગવાઈ મુજબ પેન્શન બીલમાં સહી કરવામાં આવે તેની સાથે જ સંબંધિત પેન્શનરના પી.પી.ઓ./ પેન્શન લેજરમાં ચૂકવણાં અંગેની નોંધ કરવાની રહે છે.

જિલ્લા તિજોરી કચેરીઓ/ પેટા તિજોરી કચેરીઓમાં આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ પેન્શનના ચૂકવણાં કરવાની પધ્ધતિ હેઠળ પેન્શન મેળવતાં પેન્શનરોના પેન્શનના બીલો (પત્રક) બેન્કની શાખાવાર તૈયાર કરવામાં આવે તેની સાથે જ બીલમાં સમાવિષ્ટ પેન્શનરોના પી.પી.ઓ./ પેન્શન લેજરમાં પેન્શનના ચૂકવણાંની નોંધ કરીને તેને પેન્શન બીલ મંજુર કરતાં અધિકારીની સહીથી પ્રમાણિત કરવાની પ્રથાનો ચુસ્તપણે અમલ કરવા આથી તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે.

વધુમાં જો ઉપરોકત સુચનાનું ચુસ્તપણે પાલન ન થવાના કારણે પેન્શનના વધુ કે ખોટા ચુકવણા થવાના કિસ્સા બનશે તો તે અંગે સબંધિત અધિકારી/ કર્મચારીની જવાબદારી નકકી કરવામાં આવશે અને જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેવી.

આ પરિપત્રની નકલ તાબાનાં તમામ પેટા તિજોરી અધિકારીઓને આ કચેરીની જાણ હેઠળ મોકલી આપવા વિનંતિ.

આ પરિપત્ર મળ્યાની પહોંચ અચૂક મોકલી આપવા વિનંતી.

સંયુકત નિયામક

પ્રતિ,
શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
.....................(તમામ)
તિજોરી અધિકારીશ્રી,
પેન્શન ચૂકવણાં કચેરી,
અમદાવાદ.

**નકલ સવિનય રવાના પ્રતિ,**

ઉપસચિવશ્રી, નાણાં વિભાગ, "ઘ" શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના :-**

(૧) તિજોરી નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) સીલેકટ ફાઈલ.